SAMVAD E-JOURNAL
ISSN : 2583-8334
(International Peer-Reviewed Refereed Journal)
Volume 3, Issue-1, Special Issue-January: 2025
Published by Rangmati Publication http://www.rangmatipublication.com/

# 57. ઉત્તર ગુજરાતના લોકસાહિત્ય સંશોધકો – સંપાદકો

*ભૂમિકાબેન એ. પટેલ, ડૉ. વિષ્ણુભાઈ બી. પટેલ*

## પ્રસ્તાવના :

રાષ્ટ્ર કે સંસ્કૃતિનું સાહિત્ય તે મુખ્યત્વે બે સ્ત્રોતમાં મળે છે. એક લિખિત સાહિત્યની વાત કરીએ તો મધ્યકાળના અનેક સર્જકોએ લિખિત સામગ્રીરૂપે ઘણું બધુ સાહિત્ય આપ્યું છે. લોકસાહિત્ય તે લોકોનું સહિયારું સાહિત્ય છે. લોકપરંપરાને આધીન છે. લોકસાહિત્યની રચનાઓ એટલે એવી રચનાઓ કે જેનો કોઈ ચોક્કસ કર્તા કે ગાયક ન હોય. લોકસાહિત્ય એ કોઈ વ્યક્તિનું સર્જન નહી, તેમાં આખો લોકસમાજ કેન્દ્રસ્થાને હોય છે અને આ લોકસમાજમાંથી પ્રતિબિંબિત થયેલુ સાહિત્ય એટલે કોલસાહિત્ય. લોકસાહિત્ય સેંકડો વર્ષોથી પ્રચલિત થયેલું સાહિત્ય છે અને લોકોના કંઠમાં આજદિન સુધી જળવાયેલું અને સચવાયેલું છે. મધ્યકાળમાં રચાયેલા સાહિત્ય પર પણ લોકસાહિત્યની સ્પષ્ટ અસર વર્તાયેલી જોવા મળે છે.

## લોકસાહિત્યની સંજ્ઞા :

લોકસાહિત્ય એટલે લોકોનું સાહિત્ય તેને અંગ્રેજીમાં 'Folk Literatur તરીકે પણ ઓળખવામાં આવે છે. આ બંને શબ્દોના સંયોજનથી લોકસાહિત્ય શબ્દ બન્યો છે. આ બંને શબ્દો સંસ્કૃત ભાષાના તત્સમ શબ્દો છે. સેંકડો વર્ષોથી સંસ્કૃત, પ્રાકૃત અપભ્રંશ અને જૂની ગુજરાતીમાં પ્રયોજાતા રહ્યા છે. એથી આ શબ્દો કેટલા પ્રાચીન છે એનો અંદાજ મળી જાય છે.

લોકસાહિત્યમાં સમાવિષ્ટ 'લોક'ના બે અર્થો મળે છે.

૧. લોક એટલે ઈહલોક, પરલોક અને ભૂલોક. જેની વેદો, ગ્રંથો અને પુરાણો શાસ્ત્રમાં ઘણી ચર્ચા કરવામાં આવી છે.

૨. લોક એટલે જનસમુહ, કોઈ એક જ ભૌગોલિક વિસ્તારમાં સમાન પરંપરા ધરાવતો જનસમુહ. તો એથી વિશેષ 'લોક'ના વિવિધ અર્થો સાર્થ જા◌ેડણી કોશમાં પણ આપવામાં આવ્યા છે. જેમ કે 'લોક એટલે જનતા, જનસમુહ વર્ગ, જાતિ, કર્મફળ ભોગવવાના માનેલા જુદા જુદા સ્થાન કે જગત'[૧]

ગુજરાતી સાહિત્યના લોકસાહિત્યવિદોએ પણ 'લોક' વિશે પોતાના મતો જાહેર કર્યા છે. 'લોક' શબ્દની વ્યાખ્યા આપતા ડા◌ૅ.અમૃત પટેલ 'ચંપાની કળીઓમાં કસ્તૂરી' નામે પુસ્તકમાં જણાવે છે કે 'લોક એટલે નગરો અને ગામડાઓમાં ફેલાયેલી સમગ્ર જનતા કે જેની પાસે વ્યવહારિક જ્ઞાનના પાયાના પુસ્તકો નથી. જેમની પાસે શિષ્ટ સંસ્કારો, શાસ્ત્રીયતા, પાંડિત્યની ચેતના નથી અને જેઓ એક પરંપરાગત પ્રવાહમાં જ જીવતા હોય છે. 'લોક' ભણેલો માનવી, શિષ્ટ માનવી પણ જા◌ે પરંપરામાં કે પરંપરાગત સંસ્કારમાં જીવતો હોય તો તે પણ લોક'[૨]

### ૧. પુષ્કર ચંદરવાકર :

પુષ્કર ચંદરવાકરનો જન્મ ૨૨ ફેબ્રુઆરી ૧૯૨૨ના રોજ ચંદરવા ગામે થયો હતો. તેમનું મૂળનામ 'પૂષ્કરરાય ત્રિવેદી' હતું. તેમણે એમ.એ., પીએચ.ડી. સુધીનો અભ્યાસ કર્યો છે. તેમણે પોતાના જીવન દરમિયાન હંમેશા લોકોન સેવા જ કરી છે અને લોકોએ તેમને હંમેશા પ્રેમપૂર્વક અભિવાદનથી આવકાર આપ્યો છે. એટલું જ નહિ, તેમણે લોકસાહિત્ય ક્ષેત્રે પણ મહત્વના કાર્યો કર્યા છે. ચંદરવાકરે અથાક પ્રયત્નો અને મુશ્કેલીઓનો સામનો કરીને લોકસાહિત્ય વિષયને યુનિવર્સિટી કક્ષાએ અભ્યાસક્રમમાં દાખલ કર્યો છે અને ◌્યારે એમ.એ. કક્ષાએ આ વિષયને ભણાવવામાં આવે છે. તેનો મુખ્ય યશ ચંદરવાકરને ફાળે જાય છે. આ સિવાય પણ લોકોએ આપેલું, લોકોનું સાહિત્ય લોકો સુધી પહોંચે તથા આવનાર પેઢીના મૂલ્યવાન લોકવારસાને સમજે એ ઉદ્દેશથી તેમણે લોક સાહિત્યક્ષેત્રે મૂલ્યવાન પ્રદાન કર્યું છે.

-

## ૨. કનુભાઈ આચાર્ય :

કનુભાઈ આચાર્યનો જન્મ પાટણ જિલ્લાના સાંતલપુર તાલુકાના વારાહી ગામમાં તા.૧૪-૧૦-૧૯૪૯ના રોજ થયો હતો. તેઓ પોતોને 'દિલ' એવા ઉપનામથી ઓળખાવે છે. તેમણે બી.એ., બી.એડ્., એલએલ.બી. સુધીનો અભ્યાસ કર્યો છે. તથા ડાવસમાં જાગૃતિ ઉ.બુ. વિદ્યામંદિરમાં પ્રિન્સિપાલ તરીકે ફરજ બજાવીને નિવૃત્ત થયેલ છે. તેમણે લોકસાહિત્ય ક્ષેત્રે આપેલ સંપાદનો નીચે મુજબ છે.

૧. બનાસ દર્શન (૧૯૮૦)

૨. ઉત્તર ગુજરાતની અસ્મિતા ગ્રંથ (૧૯૮૨)

૩. લોક હૈયા ભીનાં ભીનાં ભાગ-૧,૨ (૧૯૮૮)

૪. બનાસ ગાઈડ (૨૦૦૦)

## ૨. ઉત્તર ગુજરાતની અસ્મિતા ગ્રંથ :

ઈ.સ. ૧૯૮૨માં સંપાદિત આ સંપાદન ઉત્તર ગુજરાતની ભાતીગળ લોક સંસ્કૃતિને તાદૃશ કરતો સંપાદનગ્રંથ છે. એટલું જ નહિ ઉત્તર ગુજરાતની અસ્મિતાને, તેની ગરિમાને ઉજાગર કરતો આ દળદાર ગ્રંથ 'રખેવાળ' વર્તમાનપત્ર, ડીસામાંથી બહાર પડ્યો છે. આ ગ્રંથને પ્રગટ કરવાનો યશ રખેવાળના તંત્રી અમૃતલાલ શેઠ અને કનુભાઈ આચાર્યને ફાળે જાય છે. આ ગ્રંથને પ્રગટ કરતી વખતે બંને સંપાદકોને ઘણો શ્રમ કરવો પડેલો જેમ કે, જે તે સ્થળેથી નાણાં ઉઘરાવવા, જાહેરાતો કરવી, રૂબરૂ મુલાકાત કરીને નાણાં ઉઘરાવવા સંપાદકોનો પરિચય કરાવવો, ત્યારબાદ તેમની પાસેથી લોકકથાઓ એકત્રિત કરવી વગેરે વિવિધ મુશ્કેલીઓ વેઠીને આ ગ્રંથ પ્રકાશિત કર્યો છે. સંપાદકે ઉત્તર ગુજરાતના વિવિધ પ્રદેશોનું વર્ણન, જ્ઞાતિઓ, પેટાજ્ઞાતિઓનો પરિચય, ઐતિહાસિક સ્મારકો, શિલ્પ સ્થાપત્યો વગેરેના બેનમુન નમૂનાઓ, મેળાઓ, ઉત્સવો, પ્રાચીન નગરો, મંદિરો, ઉમદા વ્યક્તિઓ, મહાનુભાવો વગેરેનો સમાવેશ કરતો આ સંપાદન ગ્રંથ આપ્યો છે.

### ૩. લોક હૈયા ભીનાં ભીનાં :

આ સંચયમાં સંપાદિત બાવીસ લોકકથાઓમાં 'આદર્શની પૂજારણ જાડેજી', 'બળૂકો આદમી', 'કમળપૂજા', 'ચાતકે ઝંખ્યા ઝાકળીયા નીર', 'મન ગળ્યો મગદ ગળ્યો', 'નમૂછીયો મર્દ', 'વીર વરજાંગ ગુર્જર', 'સતીમા', 'રાજ્ય ભક્તિ', 'આટંકી રાજપૂત', 'ખૂનનું ગૌરવ', 'આઈ રાજબા', 'કાંકરેજની રબારણ', 'પૂંછાળા દઈ જાઓને મૂંછાળા જાઓ' વગેરેનો સમાવેશ કરવામાં આવે છે. આમ બનાસકાંઠાની લોકબોલીમાં જળવાયેલી આ લોકકથાઓમાંથી ફલિત થતા એવા શબ્દાર્થ પણ આપ્યા છે. જેથી કરીને તેમનું આ સંપાદન ઘણું મહત્ત્વનું બની રહે છે.

## ૩. ભગવાનદાસ પટેલ :

ભગવાનદાસ પટેલનો જન્મ જામળા, તા. હિમતનગર, જિ. સાબરકાંઠા ગામમાં તા. ૧૯-૧-૧૯૪૩ના રોજ થયો હતો. તેમનું મૂળ નામ ભગવાનદાસ કુબેરદાસ પટેલ. તેમણે એમ.એ., એમ.ફિલ. અને પીએચ.ડી. સુધીનો અભ્યાસ કર્યો છે. ખેડબ્રહ્માની કે.ટી. હાઈસ્કૂલમાં નોકરી દરમ્યાન એકવાર તેઓ ખેડબ્રહ્માની હરણાવ નદીના પુલ ઉપરથી પસાર થઈ રહ્યા હતા. ત્યાં તેમણે તેમની પાછળ આવતા આદિવાસી તરૂણીઓના વૃંદને કંઈક ગણગણતા સાંભળ્યું. તે ગીતના શબ્દો તેમા કાનમાં ગુંજવા લાગ્યા અને તેનો અર્થ જાણવાની તેમને જિજ્ઞાસા થઈ. બીજા જ દિવસે પોતાની શાળામાં અભ્યાસ કરતા આદિવાસી વિદ્યાર્થી પાસે તેનો અર્થ જાણીને એમનું રોમે રોમ પુલકિત થઈ ઉઠ્યું અને આજ કારણે તેમણે આદિવાસી લોકસંસ્કૃતિ સંપાદનોના અભ્યાસ તરફ દોરી જાય છે. ત્યારબાદ તેમણે ઈ.સ. ૧૯૮૪માં 'ખેડબ્રહ્માના અને દાંતા તાલુકાના ડુંગરી ભીલ આદિવાસીઓના ગવાતા પૌરાણિક અરેલા એક અભ્યાસ' એ વિષય પર એમ.ફિલ. કર્યું.◌ં ખેડબ્રહ્મા વિસ્તારના ડુંગરી ભીલ આદિવાસીઓને કેન્દ્રમાં રાખીને ચાલીસ જેટલા સંપાદનો આપ્યા છે.

### સન્માન એવોર્ડ :

અરવલ્લી પ્રદેશ અને ભીલ બોલીને મહત્વનું સ્થાન આપવા માટે ભગવાનદાસ પટેલને કેન્દ્રિય સાહિત્ય અકાદમી, દિલ્હીનો ૧૯૯૮નો ગૌરવવંતો 'ભાષા સન્માન' એવોર્ડ એનાયત કરવામાં આવ્યો છે અને ગુજરાતની વનવાસી પ્રજા તથા કલાસાહિત્યને દેશ-વિદેશમાં માન-સન્માન આપવા બદલ ૨૦૦૨નો અખિલ ભારતીય પરિષદનો 'સન્માન એવોર્ડ' પ્રદાન કરવામાં આવ્યો છે.

## ૪. માધવ ચૌધરી :

માધવ ચૌધરીનો જન્મ મહેસાણા જિલ્લાના પુનાસણ ગામે તા.૨-૧-૧૯૨૦ના રોજ થયો હતો. તેમણે મેટ્રિક, બી.એ. સુધીનો અભ્યાસ કર્યો છે. બાળપણથી જ આર્યુવેદ, લોકસાહિત્ય, સંપાદન અંગેના મુખ્ય રસના વિષયો રહ્યા છે. તેમના આશરે ચાલીસ જેટલા પુસ્તકો પ્રકાશિત થી ચૂક્યા છે. તેમાં લોકસાહિત્ય વિષયક માત્ર એક સંપાદન તેમની પાસેથી મળી આવે છે.

**૧. રાતો રે રંગ કેવડો : (૧૯૮૩)**

માધવ ચૌધરીએ પ્રસ્તુત સંપાદનમાં ઉત્તર ગુજરાત આસપાસના વિસ્તારમાંથી અને તેમાંય ખાસ કરીને મહેસાણા જિલ્લામાં આંઝણા, રબારી અને બજાણિયા જ્ઞાતિમાં વાર-તહેવા અને લગ્ન પ્રસંગે ગવાતા કુલ મળીને અડતાલીસ લોકગીતોને સંપાદિત કરીને મૂક્યા છે. સંપાદક પોતે મહેસાણા જિલ્લાના જગુદણ નામના ગામના વતની હોવાથી તે આ લોકબોલીને સારી રીતે જાણી સમજી શકે છે. તેમણે જે તે સ્થળે યોજાયેલ લગ્નપ્રસંગે ગવાતા આ લગ્નગીતોને લોક કંઠેથી સાંભળીને લિપિબદ્ધ કરીને મૂક્યા છે.

માધવ ચૌધરીએ સંપાદન ગ્રંથના આરંભે પ્રથમ પ્રકરણમાં 'ઉત્તર ગુજરાતના લોકગીતો એક આસ્વાદ' માં વાર-તહેવાર નિમિત્તે ગવાતા ગીતોનો ટૂંકમાં આસ્વાદ કરાવ્યો છે. બીજાથી સાતમાં પ્રકરણમાં આંજણાના લોકગીતો, લગ્નગીતો, મામેરાના ગીતો, આણાના ગીતો, ગરબા અને કથાગીતો એમ કુલ મળીને ૩૫ જેટલા લોકગીતો તેમની પાસેથી સાંપડે છે. તેમાં ક્રમ નં. ૧ થી ૬ નારી સંવેદનાને વ્યક્ત કરતા ગીતો છે. ક્રમ નં. ૭ થી ૧૯ લગ્ન પ્રસંગે વરરાજાને ઉદ્દેશીને ગવાતા ગીતો છે. ક્રમ નં. ૨૦ થી ૨૭ મામેરૂ ભરાવતી વખતેના છે. ક્રમ નં. ૨૮ થી ૩૦ કન્યાવિદાય સંદર્ભે ગવાતા ગીતો છે. ક્રમ નં. ૩૧ થી ૩૨ માં ગામની દીકરીઓ અને વહુવારુઓ ગરબો ઘુમાડવાને ગામને ચોરે ભેગી થાય છે તે વખતેના ગીતો છે. ગીત નં. ૩૩ થી ૩૫ તેજુ તેજમલ અને ફૂલરાણીના ઈતિહાસ સાથે તેમની બહાદૂરીને વર્ણવતા કથાગીતો છે. અહીં સંપાદકે આંજણા જ્ઞાતિમાં વાર-તહેવાર કે લગ્નપ્રસંગે ગવાતા સરસ એવા લોકગીતો આપ્યા છે. પરંતુ તેમણે આંજણા જ્ઞાતિ સંદર્ભે તેમના રીત-રિવાજ, રહેણી-કરણી, પહેરવેશ, લોકમાન્યતાઓ વગેરે વિશે થોડો ઘણો પણ પરિચય દર્શાવ્યો છે.

## ૫. મુરાદખાન ચાવડા :

મુરાદખાન ચાવડાનો જન્મ પેપોળ ગામમાં તા. વડગામ, જી. બનાસકાંઠામાં તા. ૧૩-૧૧-૧૯૪૨ના રોજ થયો હતો. તેમનુ મૂળ નામ ચાવડા મુરાદખાન આમદખાનજી છે. તેમણે નોન મેટ્રિક સુધીનો અભ્યાસ કર્યો છે. તેઓ પોસ્ટ માસ્ટરની નોકરીમાં ફરજ બજાવી નિવૃત્ત થયેલ છે. તેમનું લોકસાહિત્ય ક્ષેત્રે પ્રદાન કરવાનું મુખ્ય કારણ તેમનું જાગીરદાર કુટુંબ છે. તેઓ બહોળો અને સંયુક્ત કુટુંબમાં રહેતા હોવાના કારણે તેમને રોજ અલક મલકની વાતો સાંભળવા મળતી, તો ઘણીવાર તેમના ઘરે ડાયરાની રંગત જામતી. જેમાં ઈતિહાસમાં જે જે વીર નાયકો પ્રસિદ્ધ થઈ ગયા હોય તેની વાતો મંડાતી. બાળપણમાં અને યુવાવસ્થામાં જે વાર્તાઓ તેમણે સાંભળેલી તેને લિપિબદ્ધ કરીને મૂકી છે.

**૧. ધણધારનું ધાવણ :**

ઉત્તર ગુજરાતની ધરા લોકસાહિત્યના મબલખ પાકથી લહેરાઈ હતી. તે સમયે આ સાહિત્યને ખંખેરનાર સંપાદકો બહુ જૂજ જા◌ેવા મળતા હતા. એટલે કે ઉત્તર ગુજરાતમાં નહિવત સંપાદનો પ્રગટ થયા હતા. ત્યારે મુરાદખાન ચાવડાએ આ સંપાદનગ્રંથ આપ્યો હતો એમ માની શકાય. આ સંપાદનમાંથી કથાઓ મોટેભાગે અગાઉ 'રંગતરંગ', 'જીવનપ્રકાશ', 'વિશ્રામ', 'ગ્રામ સ્વરાજ્ય', 'લોક લહરી', 'મુંબઈ સમાચાર' અને 'ઉત્તર ગુજરાતની અસ્મિતા' જેવા ગ્રંથમાં તો વળી રોજબરોજના દૈનિક વર્તમાનપત્રોમાં પ્રગટ થઈ ચૂકી છે.

**૨. પાલનપુરના પાળિયા : ૧૯૯૬**

ઈ.સ. ૧૯૯૬માં સંપાદિત મુરાદખાન ચાવડાનો લોકકથા વિષયક બીજા◌ે સંપાદનગ્રંથ છે. પ્રસ્તુત સંપાદકે ઉત્તર ગુજરાતના બનાસકાંઠા જિલ્લાના ઘાણધાર પંથકની તળપદી લોકબોલીમાં ત્રેવીસ લોકકથાઓને સંપાદિત કરી છે. વાર્તાઓનું મુખ્ય કેન્દ્રબિંદુ તે સામંતશાહી યુગનું છે. સામંતશાહી યુગમાં રાજાઓનું વર્ચસ્વ વધારે હતું એટલે રાજાઓ એકબીજાના રાજ્ય પર ચડાઈ કરતા, તો ક્યારેક ચોર, લૂંટાર, બહારવટિયાના ભયથી પ્રજાને ઉગારતા જા◌ેવા મળતા. આજ કથાનક આધારિત આ લોકકથાઓ જા◌ેવા મળે છે. જેમ કે, 'જંગે ચડ્યા જા◌ેગી', 'હંધુય ઋણ માફ', 'ઘાયલ નર લોટે ઘણા', 'પડકાર', 'મોઢુ ભાણે નિમ તૂટે', 'હવન કીન કવિ જવાન', 'ગોઝારી ઉમરદશી', 'ઘોડો ચરે તેટલી જમીન', 'દોસ્તીનો દાવો', 'એક ભેંસની ખાતર', 'વીર પસલી', 'રામ માથે રાખીને હાલ્ય', 'મોતીની માળા ન તૂટે', 'સિપાવટ', 'વફાદા ચારણ', 'ઉડણ અખેરાજ', 'ગાફેલ કયુ હુવા', 'અશ્વવિદ્યા', 'રસહીન ધરા', 'બળિયા જા◌ેધ્ધા', 'ભેમાજી ધાસુરા', 'રૂસ્તમને રંગ દોળ્યો', 'શેરો ભાંડ' વગેરે લોકકથાઓ ગ્રંથસ્થ કરવામાં આવી છે.

**પુરસ્કાર સન્માન :**

મુરાદખાન ચાવડાને તેમના લોકકથા વિષયક 'ઘાણધારનું ધાવણ' અને 'પાલનપુરના પાળિયા' પુસ્તકને ગુજરાત સાહિત્ય અકાદમીમાંથી ૧૯૯૮ના વર્ષનો દ્વિતીય પુરસ્કાર પ્રાપ્ત થયેલ છે.

**૬. અમૃત પટેલ :**

અમૃત પટેલનો જન્મ તેમના મોસાળ સુણોક, તા. સિદ્ધપુરમાં તા. ૭-૧૨-૧૫૬ના રોજ થયો હતો. તેમણે એમ.એ., એમ.ફિલ., પીએચ.ડી. સુધીનો અભ્યાસ કર્યો છે. તેમણે ઉત્તર ગુજરાતના લોકસાહિત્ય ભણી દોટ મૂકી અને પોતાના જ ગામ મક્તુપુ પર 'સિદ્ધપુર તાલુકાના મક્તુપુર ગામનું ગેય લોકસાહિત્ય સંશોધન - સંપાદન અને અધ્યયન' એ વિષય પર પીએચ.ડી. કર્યું. તેમણે પીએચ.ડી.ના અભ્યાસ દરમ્યાન ક્ષેત્રકાર્ય કરતી વખતે ઢગલાબંધ લોકગીતો એકઠા કરેલા એને પુસ્તકરૂપે પ્રકાશિત કરી વાચકો સમક્ષ રજૂ કર્યા છે.

**૭. પ્રેમજી પટેલ :**

પ્રેમજી પટેલનો જન્મ તલોદ તાલુકાના ખેરોલ ગામમાં તા. ૧૧-૨-૧૯૫૫ના રોજ થયો હતો. તેમનું મૂળ નામ પટેલ પ્રેમાભાઈ સોમાભાઈ છે. તેમણે એમ.એ., એમ.ફીલ., પીએચ.ડી. સુધીનો અભ્યાસ કર્યો છે. પ્રેમજી પટેલે પોતાના તલોદ આસપાસના વિસ્તારોમાં પ્રચલિત અને પોતાની લોકબોલીમાં લોકસાહિત્ય ક્ષેત્રે ત્રણ સંપાદનો આપ્યા છે. જે નીચે મુજબ છે.

**લોકવાર્તા વિષયક :**

૧. ચૌદલોક (૧૯૯૮)

૨. લોકજણસ (૨૦૦૦)

૩. અમીલોક (૨૦૦૭)

**૧. ચૌદલોક :**

પ્રેમજી પટેલનું લોકસાહિત્ય વિષયક પ્રથમ સંપાદન છે. પ્રસ્તુત સંપાદનમાં સંપાદકે ટોડ, રોળી, પખાજિયા, ભરેલો, શ્લોકો, લોકાખ્યાન અને લોકવાર્તા વગેરે સ્વરૂપની ચર્ચા કરી છે. તેમાં સૌ પ્રથમ આવતું 'ટોડ' એ રાવળ સમાજના ભાઈઓ ખાસ કરીને નવરાત્રિમાં રમે છે. આ 'ટોડ' રમાવા માટે રાવળો માતાના મંદિરમાં કે ચોકમાં કે ગામ પરગામ જઈને દસ-પંદર પાત્રોની મદદથી રમે છે અને ત્યારબાદ માતાજીની ભક્તિ કરે છે. બીજા સ્વરૂપમાં ગોગાની રોળીનો સમાવેશ થાય છે. ત્યારબાદ લોકખ્યાનોમાં 'સીતાખ્યાન' અને 'અભિમન્યુખ્યાન'ની કથા રજૂ કરી છે. ત્રીજા સ્વરૂપમાં કોશ વડે પાણી ઉલેચતી વખતે ખેડૂતોના કંઠે ગવાતા 'ભરેલા' છે. ભરેલા પછી શ્લોકોએ રાવળ જ્ઞાતિમાં લગ્નપ્રસંગે શ્લોકોરૂપે ગવાય છે. એ પછી સંપાદકે ઓગણીસ લોકવાર્તાઓ ગ્રંથસ્થ કરેલી છે. તેમાં 'તૈણ માની વારતા', 'અમરસંગ આખલીવાળા', 'મોટુ કૂણ', 'કોના નસીબનું', 'કુદરતનો ન્યા', 'બુદ્ધિની પુન', 'વાંદરા ભૈની વાત', 'કાળજુ', 'પતિ કોણ', 'નાગ અને વેઢ', 'ભલો અને ભૂંડો', 'ઓલાભાઈની વાત', 'ચાર ભાઈબંધો', 'આજેય માતા તો છે', 'તલ કાળા... તલ ધોળા', 'ડોઢી કમોણી' વગેરે વાર્તાઓ સંપાદિત કરીને મૂકી છે.

**૨. લોકજણસ : (૨૦૦૦)**

પ્રેમજી પટેલે સાબરકાંઠાના તલોદ આસપાસના વિસ્તારરોમાં ક્ષેત્રકાર્ય દરમ્યાન મેળવેલી દસ લોકવાર્તાઓને સંપાદિત કરીને મૂકી છે. લોકકથાઓ મુખ્યત્વે તલોદ આસપાસના વિસ્તારોમાં બોલાતી તળપદી લોકબોલીમાં પ્રયોજી છે.

આ સંપાદનગ્રંથમાં સંપાદિત દસ વાર્તાઓમાં 'હંસ-હંસલીની વાત', 'પાંચ રૂપિયા', 'ચિત્રસેન અને ચંદ્રિકા', 'પંચાલોની છોડી', 'ગુલબંકાવરીનું ફૂલ', 'સ્ત્રિ ચરિત્ર', 'ગંગા જમના', 'ભલભલી દુનિયા', 'ઓણિયા અને ડાકોરની વાત', 'અજાૈયા રોણીની વાત'અને છેલ્લે ભાગવતના અંશ મૂક્યા છે.

**૩. અમીલોક :**

'અમીલોક' એ પ્રેમજી પટેલનો 'ચૌદલોક' અને 'લોકજણસ' પછીનો ત્રીજો સંચય છે. આ સંપાદનમાં સમાવિષ્ટ બેતાલીસ લોકવાર્તાઓમાં કેટલીક 'હ્વર્ક્ષ્ટ્ઠક્ષ્' સ્વરૂપની છે. તો કેટલીક 'ટચૂકડા ઓઠા' સ્વરૂપની છે. તેમાં 'રોમ રોમ', 'વાણિયા નહાત ચોર', 'અંધેરી નગરી', 'શેખચલ્લી', 'તીસમારખા', 'બે ડોશી અને ભગવાન', 'શિયાળ-શિયાળવો', 'સોનબા', 'ઠાકોર અને રાક્ષસ', 'નીલ અને શાયર', 'ડાહીમાંની દીકરી', 'અમ્મર', 'સોનેરી વાળ', 'શંકર પારવતી' વગેરે 'હ્વર્ક્ષ્ટ્ઠક્ષ્' સ્વરૂપની વાર્તાઓ છે. તો 'ચારણ બડા દેવ', 'ગુરુને ઘટમાં રાખો', 'વેલીબઈ', 'હૂં ઢેલ', 'દરજેણ', 'હથેળીમાં વાળ', 'હોનાનો મોર', 'દરજીની વાત', 'મુરખો', 'છોકરી અને છોકરો', 'કાગડાભાઈ અને ઓલાભાઈ', 'લેખ ઉપર મેખ', 'તારો બાપ', 'બાંડો ગધેડો અને વાઘ', 'વેર વાળ્યું', 'તબડક તબડક', 'હાત ભૂતોની વાર્તા', 'ઠાકોર-ઠકરોણી', 'ત્રેવડ ત્રીજો ભાઈ', 'બાસમતીનો પકવનાર', 'ખોબો દાણો', 'અકળલીલા' વગેરે ટચૂકડા ઓઠાં સ્વરૂપના છે. અહીં પ્રસ્તુત બંને સ્વરૂપની

વાર્તાઓમાં કેટલીક વાર્તાઓમાંથી સારો એવો બોધપાઠ અને શિખામણ મળી રહે છે. તો કેટલીક વાર્તાઓમાંથી ચમત્કાર, કાલ્પનિકતાનું દર્શન થાય છે. તો વળી બીજી કેટલીક વાર્તાઓમાંથી વેરભાવના, દગો, ખૂન, અંધ વિશ્વાસ વગેરેનું નિરૂપણ થયેલું જાોવા મળે છે.

**ઉપસંહાર :**

આમ, ઉત્તર ગુજરાત ક્ષેત્રે પોતાનું યોગદાન પ્રદાન કરેલ અનેક નામી-અનામી એવા લોકસંપાદનો થઈ રહ્યા છે. ઉત્તર ગુજરાતમાં પણ વિવિધ માત્રામાં સાહિત્ય પ્રાપ્ત થવા લાગ્યું છે અને આ સાહિત્યને સંપાદકોએ પોતાની કલમને મધ્યમે ઝીલીને અનેક નવા સંપાદનોનો પરિચય કરાવવામાં આવ્યો છે. તેમના આ સંપાદન ગ્રંથમાંથી ઉત્તર ગુજરાતના જે તે પ્રદેશ-જ્ઞાતિ, તેમની લોકસંસ્કૃતિ અને લોક પરંપરાનો સુપેરે પરિચય મળી રહે છે.

## સંદર્ભસૂચિ


૧. 'સાર્થ ગુજરાતી જોડણીકોશ', પ્રકાશન : રમણભાઈ ડી. પરીખ, મહામાત્ર, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ-૫, પાંચમી આવૃત્તિ, ૧૯૬૭, પૃ. ૭૩૭.

૨. 'ચંપાની કળીઓમાં કસ્તુરી', પ્રકાશન : અમૃત પટેલ પોતે, પ્રથમ આવૃત્તિ, ૧૯૯૨, પૃ.૪

૩. 'ઉત્તર ગુજરાતની લોકકથાઓ' અસાઈત સાહિત્ય સભા, બ્રહ્મણ શેરી, ઊંોઝા, પ્રથમ આવૃત્તિ, ૧૯૯૩.

૪. ઉત્તર ગુજરાતની અસ્મિતા ગ્રંથ : રખેવાળ કાર્યાલય, ડીસા, પ્રથમ આવૃત્તિ, ૧૯૯૪

૫. 'લોક હૈયા ભીના ભીના' ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય, ગાંધી માર્ગ, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ : ૧૯૮૮

૬. 'મારો લોકયાત્રા' સં. ભગવાનદાસ પટેલ, પ્રકાશક : નમન સૂર્યાનંદ લોક પ્રતિષ્ઠાન, મુંબઈ, પ્રથમ આવૃત્તિ : ૨૦૦૬

૭. 'ધાણધારનું ધાવણ', કે.ડી. (આર) એજન્સી, માલણ, તા. પાલનપુર, જિ. બનાસકાંઠા, પ્રથમ આવૃત્તિ-૧૯૮૫.

૮. 'પાલનપુરના પાળિયા' અસાઈત સાહિત્ય સભા, બ્રાહ્મણ શેરી, ઊંઝા, આવૃત્તિ : ૧૯૯૬

૯. 'આપણો ઉપેક્ષિત વારસો', પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ, આવૃત્તિ-૨૦૦૩

૧૦. 'અમીલોક', પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ, આવૃત્તિ-૨૦૦૩

૧૧. 'ચૌદલોક', મુ. ખેરોલ, તા. તલોદ, જી. સાબરકાંઠ, આવૃત્તિ-૧૯૯૮

૧૨. 'લોકજણસ' મુ. ખેરોલ, તા. તલોદ, જી. સાબરકાંઠ, આવૃત્તિ-૨૦૦૦